



# કોરોનાની રસીને રાજકોટ એરપોર્ટ ખાતે આવકારતા રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ...

કોરોના મહામારીને કાબુમાં લેવા તથા લોકોને કોરોના સામે પુરતુ રક્ષણ મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા કોરોના રસી મુકવાની ઝડપભેર કામગીરીની શરૂઆત કરવામાં આવેલ છે. ત્યારે આજરોજ વ્હેલીસવારના રાજકોટ એરપોર્ટ ખાતે કોરોના રસીનો પ્રથમ ડોઝ આવી ગયેલ છે. તે દરમ્યાન રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખશ્રી વી.પી. વૈષ્ણવ ખાસ ઉપસ્થિત રહીને કોરોના રસીને હર્ષની લાગણી સહ આવકારેલ.

કોરોના મહામારીની શરૂઆતથી રાજકોટ ચેમ્બર દ્વારા તમામ વેપાર-ઉદ્યોગકારો તથા આમપ્રજાની સુખાકારી તથા સલામતીને ધ્યાનમાં રાખી લોકડાઉન દરમ્યાન તમામ છુટછાટો મળી રહે ઉદ્યોગો ધમધમતા રહે અને આર્થિક મંદીમાંથી બહાર નિકળે તેવા યોગ્ય પગલાઓ હાથ ધરી સરકારશ્રીમાં નિર્ણાયક રજુઆતો કરેલ હતી અને મહતમ સફળતાઓ પણ મળેલ છે. હાલ સરકારશ્રી દ્વારા કોરોનાની રસી મુકવાનું પ્રથમ પ્રાધાન્ય કોરોના વોરીયર્સ જેવા કે, ડોકટરર્સ, પેરામેડિકલ સ્ટાફ, પોલીસ કર્મીઓ અને સફાઈ કર્મીઓને સૌપ્રથમ પ્રાધાન્ય આપવામાં જે બદલ અભિનંદન પાઠવી રાજકોટ ખાતે ઝડપી કોરોના રસીનો પ્રથમ ડોઝ મોકલવા બદલ રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીનો સહર્ષ અભિનંદન સહ આભારની લાગણી વ્યકત કરીએ છીએ. તેમ રાજકોટ ચેમ્બરની અખબારી યાદીમાં જણાવેલ છે.